# ગીત

## તેજસ દવે

### .1.

આપણે જ આપણું મનગમતું નામ કદી હોઠ લગી આવવા ન દીધું,
આપણે જ પાણીના પરપોટે સંબંધો બાંધવાનું કામ લઈ લીધું.

ઉછળતી–કુદતી એ લાગણીઓ પોતાની દરીયામાં ઉંડે જઈ જોડતી,
સંબંધો રાખવા તો માછલીની જેમ એ પાણીને કોઈ દી' ન છોડતી;
વારતામાં હુંય છું ને વારતામાં તુંય છે ને મળવાનું તોય નહીં સીધું?
આપણે જ આપણું મનગમતું નામ કદી હોઠ લગી આવવા ન દીધું.

આંસુનું ધોધમાર ચોમાસું આજ તો આંખોની બ્હાર ધસી આવતું,
તારામાં ઓળઘોળ જીવેલા દીવસોને મારામાં કેમ નથી ફાવતું?
એવું મેં પુછ્યું તોય વીતેલા દીવસોએ  ઉત્તરમાં કંઈ જ નહીં કીધું.
આપણે જ પાણીના પરપોટે સંબંધો બાંધવાનું કામ લઈ લીધું.

### .2.

ઉભા રહો,
ઉભા રહો, બધી શક્યતા ઝાંખીપાંખી થાય ભલે; પણ તમે ધૈર્ય ના ખુઓ.

એક થાંભલાનું અજવાળું આખો રસ્તો પહેરે એને કદી ધ્યાનથી જોયો?
હવે નથી એ રહ્યો જગા પર, તમને એની જાણ નથી કે તમે સ્વજનને ખોયો.

તમને કહું છું,

તમને કહું છું, બે આંખોની બહાર ઘણાંયે દશ્યો છે એ તમે ધ્યાનથી જુઓ.

ઉભા રહો.

એક હાથની આંગળીઓને નખના વીચાર આવે એમ જ તમે વીચારો તમને,

ક્ષણ બે ક્ષણ હો ભલે; છતાંયે તમે મળ્યા છો કદીય પરપોટાની જેમ સ્વયંને?

શક્ય હોય તો,

શક્ય હોય તો પાછા વળજો, બે ડગલાં તો બે ડગલાં; પણ તમે આમ ના રુઓ.

ઉભા રહો....

## .3.

આખ્ખાયે શ્હેરમાં વાત થઈ વહેતી ને ચર્ચાતો થઈ ગયો કીસ્સો,

મારો આ પડછાયો મારાથી દુર થવા માંગે છે રોજ એનો હીસ્સો.

સુરજના તડકાઓ સંગાથે પીધા છે, મોટા થયા છે અમે, એમ,

મારાથી એને જો છુટ્ટો હું પાડું, તો લોક મને ઓળખશે કેમ?

હું ખાલી; એ ભરચક, હું ચહેરો; એ દર્પણ, હું ખરબચડો છું; તો એ લીસ્સો,

મારો આ પડછાયો મારાથી દુર થવા માંગે છે રોજ એનો હીસ્સો.

હું કુવાનું ઉંડું અંધારું થઈ જીવું; એ અજવાળું એના પર લીંપે,

એ જ મને મારામાં આવીને રમતો ને પત્તાની જેમ મને ચીપે.

હું એનાથી હારું, રીસાઉં ને ઝઘડું; પણ એના વીના છું સાવ ફીસ્સો.

મારો આ પડછાયો મારાથી દુર થવા માંગે છે રોજ એનો હીસ્સો.

## .4.

પાંપણ પર ઝુલતાં 'તાં સમણાં; એ સમણાંનો હું પણ એક ભાગ હતો યાદ છે?

યાદ છે એ સાંજ, તું બોલ્યા વીના જ મને તગતગતી આંખથી વઢેલી?
એ ઘટના તો ત્યાં જ હજી બર્ફ જેમ થીજીને ઉભી છે સાંજને અઢેલી.

આથમતા સુરજના કેસરી એ રંગોમાં ઓગળતાં આપણે એ યાદ છે?
પાંપણ પર ઝુલતાં 'તાં સમણાં એ સમણાંનો હું પણ એક ભાગ હતો યાદ છે?

વર્ષોની ભીડ કોઈ ચોર જેમ આપણા એ દીવસોને ચોરી ફરાર થઈ,
એમ ઉભાં 'તાં રસ્તાની સામસામે આપણે ને વચ્ચેથી જીન્દગી પસાર થઈ.

દીવસ ઓઢ્યા ને પછી તડકામાં દોડ્યા ને છાંયડાઓ શોધ્યા 'તા યાદ છે?
પાંપણ પર ઝુલતાં 'તાં સમણાં એ સમણાંનો હું પણ એક ભાગ હતો, યાદ છે?

## .5.

સમંદરને ખભા પર તું ઉપાડી ચાલ રણમાંથી,
પછી શું છે તરસ, સમજી જવાશે રેતકણમાંથી.

છે એવું કોણ જે અહીંયાં દીવો પ્રગટાવવા ઝુરતું?
બરફનાં કોડીયાં અંદર ભર્યું છે તેલ મેં પુરતું.

નીરંતર ઓગળે સૌ જણ અહીં પ્રત્યેક ક્ષણમાંથી,
હવે સમજાય છે જીવન બરફના શ્વેતકણમાંથી.

નથી આકાશ કૈં ચોરસ, એ કેવળ એક છે બારી,
તમે કાપી શકો જો આભ, તો લ્યો, આ રહી આરી.

મળે છળ રામને અહીંયાં ઘણી વેળા હરણમાંથી,
તમે છટકો તમારી આંખના કપટી વલણમાંથી.

## .6.

ચોરસ એક કાચના ટુકડામાં કેટલાય ચહેરાઓ જોવાના હોય છે,
કેટલીયે જીન્દગીને અંદર પરોવીને જીવતો આ માણસ તો સોય છે.

તુટે જો શ્વાસ કદી સંધાતા હોય નહીં; તોય એમાં જીવને પરોવે,
જીતવાની જીદમાં એ ગુંથે છે જીન્દગી ને ગાંઠ પડી જાય, તો એ રોવે!

ભીતરમાં જોયું તો સમજાયું, માણસની અંદર કોઈ માણસ બીજોય છે,
ચોરસ એક કાચના ટુકડામાં કેટલાય ચહેરાઓ જોવાના હોય છે!

તોડીને પાંપણના બંધ, એ તો ધસમસતા આવે છે આંખોની બ્હાર,
સપનાંના ફુગ્ગા તો વેચવા છે સૌને; પણ માણસ પોતે છે અણીદાર!

પથ્થરના ચહેરા પર લીલીછમ કુંપળને ઉગવાની આશાઓ તોય છે,
ચોરસ એક કાચના ટુકડામાં કેટલાય ચહેરાઓ જોવાના હોય છે!

## .7.

કાગળના ડુચા શી જીન્દગી થઈ ને તોય સાચવીને બેઠું છે કો'ક,
સ્હેજ પરપોટો ફુટે ને દરીયો થઈ જાય, હજુ એવા છે કેટલાય લોક.

ખાલીખમ પેટના એ ખાડામાં ખુંપેલી, કેટલીયે સાંજ અહીં રોઈ છે,
પાણીના કોળીયાથી માણસની સળગેલી ભુખ, અહીં ઠરતી મેં જાઈ છે.

તોય હજુ ફુટપાથે બેસીને જીન્દગીઓ, ગોખે છે જીવતરના શ્લોક,
સ્હેજ પરપોટો ફુટે ને દરીયો થઈ જાય, હજુ એવા છે કેટલાય લોક.

કેટલી તીરાડ પડી અંદર ને બ્હાર તોય ચાલે છે એમ હજુ શ્વાસ,
જેમ અંધારા ઓરડાને બારણાની તડમાંથી મળતો રહે છે ઉજાસ.

પાંજરાના પોપટની જેમ અહીં કેટલાંયે સપનાંની મરડાતી ડોક,
સ્હેજ પરપોટો ફુટે ને દરીયો થઈ જાય, હજુ એવા છે કેટલાય લોક.

## .8.

કદી ન આંગણ તુલસી વાવી, કદી ન બાંધ્યાં તોરણ;
ઘરને એની તરસ વીશે, પુછ્યું છે તમે કદી પણ?

જાતે થઈ ખંડેર ઉભાં છો હવે એકલા ઝુરો,
તમે ખરા છો, સાંકળ મારી, ઘરને ઘરમાં પુરો!

નસીબમાં પણ એને આવ્યું આખેઆખું રણ,
ઘરને એની તરસ વીશે, પુછ્યું છે તમે કદી પણ?

દીવાલ ઉપર પડ્યા ઉઝરડા કેમ કરી એ જોવે?
બારસાખ પર ચીતરેલા એ મોર હજી પણ રોવે.

હજી નેજવું કરી જુએ છે રાહ તમારી તો પણ,
ઘરને એની તરસ વીશે, પુછ્યું છે તમે કદી પણ?

## .9.

મુઓ તડકો વરસે ને મારું ફળીયું રીસાય, કહે છાંયડાઓ કોણ લુંટી જાય?
ભર ચોમાસે લીંબોળી સુક્કી થઈ જાય, ઓલા લીંબડાના ભાયગ ફુટી જાય

નદીઓનાં ભીનાંછમ સપનાંઓ ભરવાને, તુટેલાં માટલાંઓ સાંધ્યાં,
કાળઝાળ ઉનાળો આંખોમાં વરસે તે પાણીયારાં પાંપણ પર બાંધ્યાં.

સાતસાત દરીયાના હાથ લગી આવેલું ચોમાસું કોણ લુંટી જાય?
મુઓ તડકો વરસે ને મારું ફળીયું રીસાય, કહે છાંયડાઓ કોણ લુંટી જાય?

ઝાડ તળે ઉગેલા છાંયડાઓ સ્હેજ હજુ ધરતીના છેડા લગ પુગે,
ત્યાં જ વળી તડકો કોઈ પંખીની જેમ પેલા છાંયડાને આવીને ચુગે.

સુક્કા થઈ બેઠેલા કુવાની ધાર પરે સુરજને કોણ ઘુંટી જાય?
મુઓ તડકો વરસે ને મારું ફળીયું રીસાય, કહે છાંયડાઓ કોણ લુંટી જાય?

## .10.

ખુલ્લી આંખે જોઉં રોજ હું ટગર ટગર એ ઝાડ,
ઝાડનાં પીળાં પીળાં પાન, પાનની સુક્કી ડાળો;
ઉભું એકલું બળબળ બળતું ઝાડ, ઝાડનો છાંયો ક્હેતો,
હવે તમારો વારો, તમને તમે જ બાળો.

મુળથી ઉખડી જાશે હમણાં એમ થતું ત્યાં થડની નીચે,
નાનકડી એક ખીસકોલી બાકોરું પાડે;
નથી અહીં કોઈ અવરજવર વેરાન થયેલા જંગલ વચ્ચે,
કોઈ હજી પણ એવું છે જે ઝાડ ગમાડે.

જાઉં કેમ હું પાછો એના શૈશવ પાસે દરેક પળમાં
વધતી ઉંમર કરે ઝાડનો કાં સરવાળો?
ખુલ્લી આંખે જાઉં રોજ હું ટગર ટગર એ ઝાડ,
ઝાડનાં પીળાં પીળાં પાન, પાનની સુક્કી ડાળો.

તમે જ ટોચે માળા બાંધ્યા, રહી ગયા છે પીંછાં એમાં,
એ પીંછાંઓ જાવ જઈને બહાર નીકાળો,
ટહુકાઓનું ગામ મુકીને ઉડી ગયેલાં પંખી;
પેલા લેણદેણના કીસ્સા કહું છું પાછા વાળો.
ઘટાટોપ કંઈ લીલું લીલું ઉગી રહ્યું છે મારી અંદર
હવે રોજ હું કહેતો : આવો મને ઓગાળો.
ખુલ્લી આંખે જોઉં રોજ હું ટગર ટગર એ ઝાડ,
ઝાડનાં પીળાં પીળાં પાન, પાનની સુક્કી ડાળો.

તેજસ દવે

સર્જકસમ્પર્ક:
તેજસ દવે,
13, મેઘના રો હાઉસ, ભવ્યપાર્ક ફ્લેટ સામે, બોપલ - અમદાવાદ-380058
eMail - tejasdave40@gmail.com Phone : 9904384769

કવીનાં પ્રકાશનો:
પ્રથમ ગીતસંગ્રહ -'ઓગળતી જીન્દગીના સમ'
પ્રકાશક - રીડજેટ પબ્લીકેશન – સોહમ – 2, પમો માળ, રામજી મંદીર સામે, નવરંગપુરા, અમદાવાદ
મુલ્ય - રુપીયા 80/- પૃષ્ઠસંખ્યા : 60 પ્રકાશન વર્ષ: 2015
પ્રકાશકસમ્પર્ક – 8200764576 / 9904384769 / 9825604613

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : તેરમું – અંક : 382 – 03 September, 2017

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,40,79,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 82,63,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,50,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 6,94,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@